પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૪૪ | ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૮, શનિવાર ; ફાગણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# નિરવ મોદી ગૃપની બેંક થાપણો ફ્રીઝ

**૪૪૦ મિલિયનના શેર પણ ફ્રીઝ કરાયા : ઇડી દ્વારા આક્રમક કાર્યવાહીનો દોર યથાવત રીતે જારી**
**અબજોપતિ હિરા કોરોબારી સાથે સંબંધિત સ્થળો પરથી ઇમ્પોર્ટેડ ઘડિયાળોનો જંગી જથ્થો પણ જપ્ત કરાયો**



નવી દિલ્હી,તા. ૨૩
એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પીએનબી ફ્રોડના મામલામાં મુખ્ય આરોપી નિરવ મોદી ગ્રુપના ૪૪૦ મિલિયન રૂપિયાની કિંમતના શેર અને બેંક ડિપોઝિટ ફ્રીઝ કરી દીધા છે. આ ઉપરાંત અબજોપતિ હિરા કારોબારી સાથે સંબંધિત સ્થળો ઉપરથી ઈમ્પોર્ટેડ ઘડિયાળોનું જંગી કલેક્શન પણ જપ્ત કરવામાં આવ્યું છે. ૧૧૩૦૦ કરોડ રૂપિયાના પંજાબ નેશનલ બેંક કૌભાંડના સંદર્ભમાં ઈડી દ્વારા આક્રમક કાર્યવાહી કરવામાં આવી રહી છે. અધિકારીઓએ કહ્યું છે કે, તેઓએ પ્રવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ પીએમએલએ હેઠળ આ ગ્રુપના ૧૩૮.૬ મિલિયન રૂપિયાની કિંમતના શેર અને ૩૦૦ મિલિયન રૂપિયાને આવરી લેતા બેંક ખાતાઓ ઉપર ફ્રીઝ ઓર્ડર જારી કરી દીધા છે. ઈડીના અધિકારીઓનું કહેવું છે કે, ઈમ્પોર્ટેડ ઘડિયાળોનું જંગી કલેક્શન મળી આવ્યું છે. ૧૭૬ સ્ટીલ અલમીરા, ૧૫૮ બોક્સ અને ૬૦ અન્ય કન્ટેનર જપ્ત કરવામાં આવ્યા છે. છેલ્લા સપ્તાહમાં અબજોપતિ ડાયમંડ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### અમેરિકામાં ભારે પૂર-વરસાદથી ૩ કરોડ લોકોને જોખમ

અમેરિકાના મિડવેસ્ટ અને સાઉથમાં આવેલા પૂરના કારણે ત્રણ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે ટેકસાસથી મિશિગન સુધી અંદાજિત ૩ કરોડ લોકો પૂરમાં ફસાયા છે.

### માલદિવે ભારતને આપી ચેતવણી

માલદિવમાં કટોકટીકાળને વધુ ૩૦ દિવસ વધારવામાં આવ્યો છે તે બાબતે ભારતે ચિંતા વ્યક્ત કરતા માલદિવના વિદેશ મંત્રાલયે કહ્યુ છે કે ભારત સહિત અન્ય આંતરરાષ્ટ્રીય સમુદાય એવી કાર્યવાહીથી દૂર રહે જેનાથી દેશની વર્તમાન સમસ્યાના ઉકેલમાં બાધા આવે.

### નીરવ મોદીની બ્રાન્ડથી પ્રિયંકા ચોપડાએ છેડો ફાડ્યો

પીએનબી કૌભાંડના મુખ્ય આરોપી નીરવ મોદીની કંપનીથી પ્રિયંકા ચોપડાએ છેડો ફાડી લીધો છે અને બ્રાન્ડ સાથેના કોન્ટ્રાક્ટનો અંત લાવી દીધો છે. નીરવ મોદીની હીરાની બ્રાન્ડની જાહેરાતમાં પ્રિયંકા સાથે સિદ્ધાર્થ મલ્હોત્રા પણ હતો.

### લાલુપ્રસાદની જામીન અરજી ફગાવાઈ

ઘાસચારા કૌભાંડમાં જેલ ભોગવી રહેલા લાલુપ્રસાદ યાદવે જામીન માટે ઝારખંડ હાઈકોર્ડમાં અરજી કરી હતી. આ અરજીને ફગાવી દેવાઈ છે.

# મોદી-ટ્રુડો વચ્ચે દ્વિપક્ષીય મંત્રણા

નવી દિલ્હી,તા. ૨૩
કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોની સાથે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક દ્વિપક્ષીય સફળ મંત્રણા કરી હતી. બન્ને દેશો વચ્ચે અનેક મુદ્દા પર સહમતી થઈ હતી. ભારત અને કેનેડા સાથે મળીને સંરક્ષણ સહકારને મજબુત કરવા માટે સહમત થયા છે. ત્રાસવાદને ડામવા મામલે પણ ચર્ચા થઈ હતી. બન્ને દેશો વચ્ચેના સંબંધોને નવી ઉંચાઈ પર લઈ જવાના મુદ્દા પર બન્ને સહમત થયા હતા. ભારત અને કેનેડા વચ્ચે દ્વિપક્ષીય બેઠકો દરમિયાન કુલ છ સમજૂતિઓ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

**છ સમજૂતિ પર હસ્તાક્ષર : કેનેડાના વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત, ગાર્ડ ઓફ ઓનર અપાયું : વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વાગત માટે પહોંચ્યા : ટ્રુડોને ગળે મળ્યા : ટ્રુડો સાથે સંયુક્ત પત્રકાર પરિષદ પણ યોજી**

● અનુસંધાન પાન-૭ પર



# પરમાણુ સક્ષમ ધનુષ મિસાઈલનું સફળ પરીક્ષણ

**જમીનથી જમીન પર પ્રહાર કરવામાં સક્ષમ : ધનુષ મિસાઇલ ૫૦૦ કિલોગ્રામ પેલોડ લઇ ત્રાટકવામાં સક્ષમ જમીન-દરિયાઈ સ્થિત ટાર્ગેટ પર પણ પડી શકે છે**



બેલાસોર,તા. ૨૩
ભારતે આજે પરમાણુ સક્ષમ ધનુષ મિસાઈલનુ સફળ પરીક્ષણ કર્યુ હતુ. આ મિસાઈલ ૩૫૦ કિલોમીટર સુધી ત્રાટકવામાં સક્ષમ છે. ઓરિસ્સાના દરિયાકાંઠા પર નેવલશીપ ખાતેથી તેનુ પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. જમીનથી જમીનમાં પ્રહાર કરવામાં સક્ષમ આ અતિઆધુનિક મિસાઈલનુ સવારે ૧૦૫૨ વાગે પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. આ મિસાઈલનુ અગાઉ નવમી એપ્રિલ ૨૦૧૫ના દિવસે પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. પરીક્ષણ વેળા તમામ ટોપના અધિકારીઓ અને વૈજ્ઞાનિકો હાજર રહ્યા હતા. પૃથ્વી મિસાઈલની નૌકા આવૃત્તિ તરીકે આને ગણવામાં આવે છે. ધનુષ મિસાઈલ ૫૦૦ કિલોગ્રામ પેલોડ લઈને ત્રાટકવામાં સક્ષમ છે. જમીન અને દરિયાઈ સ્થિત ટાર્ગેટ ઉપર સફળતાપૂર્વક પડી શકે છે. ડિફેન્સ ફોર્સમાં સ્ટ્રેટેજીક ફોર્સ કમાન્ડ દ્વારા આના પરિક્ષણ કરવામાં આવી રહ્યા છે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


# રોટોમેકના માલિક વિક્રમના ટ્રાન્ઝિક્ટ રિમાન્ડ મંજુર થયા

**એક દિવસના ટ્રાન્ઝિક્ટ રિમાન્ડ મંજુર : વિક્રમ કોઠારી અને તેમના પુત્ર રાહુલને લખનૌ કોર્ટ સમક્ષ હાજર કરાયા : નવી વિગતો ખુલે તેવી પ્રબળ સંભાવનાઓ**

નવીદિલ્હી,તા. ૨૩
દિલ્હી કોર્ટે રોટોમેકના માલિક વિક્રમ કોઠારી અને તેમના પુત્ર રાહુલ કોઠારી માટે એક દિવસના ટ્રાન્ઝિક્ટ રિમાન્ડ માટે સીબીઆઈની અરજીને દિલ્હી કોર્ટે માન્ય રાખી છે. ૩૬.૯૫ અબજ રૂપિયાના લોન ડિફોલ્ટ કેસમાં લખનૌની કોર્ટ સમક્ષ તેમને રજૂ કરવામાં આવ્યા હતા. સીબીઆઈને એક દિવસના

● અનુસંધાન પાન-૭ પર




# મારામારી પ્રકરણે એએપીના ધારાસભ્યોને જામીન ન મળ્યા

નવીદિલ્હી,તા. ૨૩
દિલ્હીના મુખ્ય સચિવ અંશુ પ્રકાશ સાથે મારામારીના મામલામાં ધરપડ કરવામાં આવેલા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અમાનતુલ્લા ખાન અને પ્રકાશ જરવાલને જામીન આપવાનો કોર્ટે ઈન્કાર કરી દીધો છે. આની સાથે જ આમ આદમી પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. દિલ્હીની તીસહજારી કોર્ટમાં બંને ધારાસભ્યોએ જામીન માટે અરજી કરી હતી. કોર્ટે સાથે જ દિલ્હી પોલીસની ધારાસભ્યોને બે દિવસના રિમાન્ડ પર લેવા માટેની અરજીને પણ ફગાવી દીધી છે. અત્રે નોંધનીય છે કે, ખાન અને જરવાલ ઉપર મુખ્ય સચિવ પ્રકાશની સાથે મારામારી કરવાનો આક્ષેપ છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સલાહકાર વીકે જૈને કહ્યું છે કે, તેઓએ પોતાની આંખોથી બંને ધારાસભ્યોને મુખ્ય સચિવને મારતા નિહાળ્યા હતા.


વેચવાનો છે
પ્લોટ નં. ૫૦૫/૨, 2BHK ગ્રાઉન્ડ ફ્લોર, ફ્લેટ નં.૨, આવકાર ફ્લેટ, વિરાટનગર સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર
સંપર્ક
૯૭૧૪૪૬૩૧૮૬
૯૫૭૪૦૦૫૬૧૪



આભાર દર્શન
ભારતીય જનતા પાર્ટી
ગાંધીનગર જીલ્લો
ગાંધીનગર તાલુકા પંચાયત
શોભના આઈ.બી. વાઘેલા
મુ.પો. રાયસણ, તા.જી. ગાંધીનગર
મો. ૯૯૭૯૦૯૮૯૫૫
૧૩-કોબા-ગાંધીનગર તાલુકા પંચાયત
(કોબા - જુનાકોબા, સુઘડ, નભોઈ, અમીયાપુર, રાયસણ)
ગોકુળીયું ગામ રાયસણ
સૌનો આભાર
સૌનો સાથ...સૌનો વિકાસ...
તાલુકા પંચાયત વિસ્તારમા આવતા તમામ ગામોના સરપંચશ્રીઓ, ડેપ્યુટી સરપંચશ્રીઓ, સભ્યશ્રીઓ મંડળીના ચેરમેનશ્રીઓ-સભ્યશ્રીઓ, તમામ ગામના આગેવાનશ્રી ઓ ભારતીય જનતા પાર્ટીના સગઠનના હોદ્દેદારશ્રીઓ, બહારથી પધારેલ કાર્યકર મિત્રો, ભાઈઓ-બહેનો, બાળકો , નામી-અનામી આપ સૌના સહકાર થી હું વિજયી બની છું બદલ આપની રૂણી છું, આપની આભારી છું.
વંદે માતરમ્... જય જય ગરવી ગુજરાત...
ઈન્ચાર્જ
હિનાબેન પટેલ
(કુડાસણ જીલ્લા પંચાયત સીટ)
મો.: ૯૮૨૪૧૭૩૨૩૭
સૌજન્ય
રબારી સહદેવભાઈ દેવજીભાઈ
ગામ : રાયસણ, તા.જી. ગાંધીનગર
મો. : ૯૭૧૪૬ ૦૫૯૨૭
આઈ.બી. વાઘેલા
(એડવોકેટ/નોટરી)
મહામંત્રી, જિલ્લા ભાજપ
મો.: ૯૮૨૫૦૩૭૭૮૫



દેહદાન શ્રેષ્ઠદાન



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧